PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/કંવા–૦૨/૧૭–[redacted]૭૯૬ તા. ૨૮/૦૮/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મણવર કાંતીલાલ હરજીભાઈ,
C/O, રીગમ સ્ટીલ પ્રોડકટસ,
ગોલ્ડન ઈન્ડ. એસ્ટેટ,
ગામ: પીપળીયા ( પાળ)
તા. લોધીકા,
જી. રાજકોટ
મો: ૯૪૨૭૨ ૫૫૯૧૦

વિષય :–લોડ ઘટાડા નુ રજી. કરાવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૬/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, લોધીકા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:: 02 [E]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૩૬/ક્વા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૪–૦૮–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મણવર ક્રાંતીલાલ હરજીભાઈ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

## : હુકમ :

**ફરીયાદ : લોડ ઘટાડા નુ રજી. કરાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ તેમના હૈયાત ઔદ્યોગીક વીજજોડાણ નં.: ૩૩૪૧૦/૦૦૫૨૬/૯ મા – હૈયાત ૫૬ કીવો ના વીજભાર મા – ૪૪ કીવો નો વીજભાર ઘટાડો કરી, અને એ મુજબ જોડાણ ને ૧૨ કીવો ના વીજભાર વાળુ કરવા માટે ની વિધીસર ની અરજી તા.૧૦–૦૭–૧૭ ના રોજ લોધીકા પેટા વિભાગીય કચેરીમા આપેલ હોવા છતા, સદર અરજી નુ આજદિન સુધી રજીસ્ટ્રેશન થયેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી એ તેમના હૈયાત ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૩૪૧૦/૦૦૫૨૬/૯ મા – હૈયાત ૫૬ કીવો ના વીજભાર મા – ૪૪ કીવો નો વીજભાર ઘટાડો કરી – અને એ મુજબ જોડાણ ને ૧૨ કીવો ના વીજભાર વાળુ કરવા માટે ની વિધીસર ની અરજી તા.૧૦–૦૭–૧૭ ના રોજ લોધીકા પેટા વિભાગીય કચેરીમા આપેલ હતી. આ અરજી ચકાસણી કર્યા બાદ યોગ્ય જાહેર થયેલ હતી. જેથી, પીજીવીસીએલ ની ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ, તે સમયે, નોધણી માટે આવરી લેવાયેલ હતી. પરંતુ, આ સમયે ઈ–ઉર્જા સીસ્ટમ ની અત્યંત ધીમી ગતી ની કનેકટીવીટી ના કારણોસર, સદર અરજી નુ રજીસ્ટ્રેશન થઈ શકેલ ન હતુ. આ કાર્યવાહી અરજદાર શ્રી ની, કચેરી મા હાજરી અને જાણકારી હેઠળ જ થયેલ હતી. આવા કારણોસર રજીસ્ટ્રેશન થયેલ ન હોવાની બાબત થી, અરજદાર શ્રી ના પ્રતિનીધી શ્રી પુરા વાકેફ પણ હતા. ત્યારબાદ, તા.૧૧–૦૮–૧૭ ના રોજ, સદર અરજી ને, ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ, નોધણી ની પ્રક્રીયા હેઠળ, રીકવેસ્ટ નં. ૯૯૪૧૮૨૬ હેઠળ આવરી લેવાયેલ હતી. અને, અરજદાર ના પ્રતિનીધી એ રૂ.૪૦૦/– નોધણીચાર્જ, જે રસીદનંબર: ૯૪૨૩૯૯ થી પીજીવીસીએલ મા ભરપાઈ પણ કરી આપેલ છે. આમ, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ, તેમના સદર જોડાણ મા વીજભાર ઘટાડા ની અરજી નુ, પીજીવીસીએલ કક્ષાએથી વિધીસર ની નોધણી થઈ ચુકેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તેમના હૈયાત ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૩૪૧૦/૦૦૫૨૬/૯ મા વીજભાર ઘટાડા માટે ની, વિધીસર ની અરજી નુ, જે તે સમયે, વીજકંપની ની ઈ–ઉર્જા સીસ્ટમ ની અત્યંત ધીમી ગતી ની કનેકટીવીટી ના કારણોસર જ – અગાઉ રજીસ્ટ્રેશન થઈ ચુકેલ ન હતુ. ત્યારબાદ, સદર અરજી, જે તા.૧૧–૦૮–૧૭ ના રોજ, સદર અરજી ને, ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ, નોધણી ની પ્રક્રીયા હેઠળ, |

| | |
|---|---|
| | રીકવેસ્ટ નં. ૯૯૪૧૮૨૬ હેઠળ આવરી લેવાયેલ હતી. અને, અરજદાર ના પ્રતિનીધી એ રૂ.૪૦૦/– નોંધણીચાર્જ, જે રસીદનંબર: ૯૪૨૩૯૯ થી પીજીવીસીએલ મા ભરપાઈ પણ કરી આપેલ છે. આમ, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ, તેમના સદર જોડાણ મા વીજભાર ઘટાડા ની અરજી નુ, પીજીવીસીએલ કક્ષાએથી વિધીસર ની નોંધણી, જે પીજીવીસીએલ કક્ષાએથી સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

મુદ્દા નં.–૪ :

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ની, તેમના હૈયાત ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૩૪૧૦/૦૦૫૨૬/૯ મા, વીજભાર ઘટાડા ની અરજી ની નોંધણી ની કાર્યવાહી, જે પીજીવીસીએલ તરફથી, તા.૧૧–૦૮–૧૭ ના રોજ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોવાની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.